॥ चैतन्य ॥
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# મહિલા અધિકારોની વર્તમાન પરિસ્થિતિ

## Current Situation of Women Rights

**Heer Kapadia**

**Abstract:**

ભારતના સંવિધાનના ઘડવૈયાઓએ સંવિધાનમાં વિશેષ પ્રકારે મહિલાઓના કલ્યાણને લગતી કલમો સામેલ કરી હતી. સંવિધાનની આ જોગવાઈઓ કાયદાઓ બનાવવા માટે માર્ગદર્શકરૂપ પુરવાર થાય છે. આપણું સંવિધાન ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ ના રોજ અમલમાં આવ્યું. સંવિધાને બક્ષેલા મૂળભૂત હક પૈકીનો એક હક કલમ ૧૯નો સમાનતાનો હક છે. સમાનતાની આ યોજના સંવિધાનીય પોતાના ત્રણ વિભાગોમાં પથરાયેલી છે. આમુખ, મૂળભૂત હક, રાજનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો. જે પૈકી અત્રે 'મહિલા અધિકારોની વર્તમાન પરિસ્થિતિ' નું આલેખન કરવામાં આવ્યું છે. જેમાં આપને મહિલા અધિકારો, કલમો, બંધારણીય જોગવાઈઓ વગેરે જોઈ શકીએ છીએ. આ કલમો કે જોગવાઈઓનો ઉપયોગ મહિલા પોતાના રક્ષણ માટે કરી શકે છે. જે ભારતમાં, રાજ્યમાં તથા આંતરરાષ્ટ્રીય સ્તરે પણ મહિલા અધિકારોની ગોઠવણી કરવામાં આવી હોય છે. આ સંશોધન લેખનો મુખ્ય હેતુ વર્તમાન સમયમાં મહિલાઓના હકો, અધિકારો તેમજ રક્ષણાત્મક સુરક્ષા માટે જરૂરી બંધારણીય જોગવાઈઓ જાણવો તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે મહિલાઓની વર્તમાન પરિસ્થિતિ જાણવાનો છે, મહિલા અધિકારો, કલમો તથા કાનૂની જોગવાઈઓ હોવા છતાં વૈશ્વિક સ્તરે, ભારતમાં તથા રાજ્યમાં મહિલાઓ પ્રત્યે ભેદભાવ, દમન, શોષણ, ઊંચા યૌનશોષણ, માનસિક ત્રાસ વગેરે જેવી વૃત્તિઓનું પ્રમાણ અને તેની અસરો આપને અહીં જોઈ શકીએ છીએ. આ સંશોધન લેખમાં મહિલાઓના અધિકારોની વાત કરવામાં આવેલ હોય આ સંશોધન લેખ કાયદા,

તેમજ સ્ત્રી શિક્ષણના અભ્યાસુઓને મદદરૂપ નીવડશે તથા મહિલાઓ પોતાના હકો, અધિકારો તથા બંધારણીય જોગવાઈઓ જાણી સમજી શકશે.

**Key Words:** Gender (જેન્ડર-લિંગ), Domestic Violence (ઘરેલું હિંસા / ક્રુરતા / ત્રાસ), Women's Rights (મહિલા અધિકારો), Gender difference (લિંગભેદ)

❖ **પ્રસ્તાવના**

કુટુંબ એ સમાજની પાયાની સાર્વત્રિક સંસ્થા છે. કુટુંબસંસ્થા દ્વારા બાળકોનું પ્રજનન અને બાળઉછેર જેવાં મહત્વના કાર્યો થાય છે. વ્યક્તિના સામાજિક જીવનનો પ્રારંભ કુટુંબમાંથી થાય છે. વ્યક્તિના જીવન પર કુટુંબની સૌથી વિશેષ અસર જોવા મળે છે. કુટુંબ સમાજ અને સંસ્કૃતિના સાતત્યમાં કેન્દ્રવર્તી સ્થાન ધરાવે છે.

મેકાઈવર અને પેજ ના મત મુજબ, "કુટુંબ પ્રજનનનો બાળઉછેર માટે ચોક્કસ અને લાંબાગાળા સુધી રહેતા જાતીય સંબંધો પર રચાયેલું જૂથ છે."

ઓગબર્નના મત મુજબ, "કુટુંબ એ બાળકોવાળા કે બાળકો વગરના પતિ-પત્નીનું બનેલું લામ્બગાલાનું જૂથ છે."

તે જ રીતે, "લગ્ન એક મહત્વની સામાજિક જરૂરિયાત તરીકે વિશ્વના દરેક સમજે સ્વીકારેલી મૂળભૂત અને પાયાની સામાજિક સંસ્થા છે."

ઈ. એસ. બોગાર્ડસના મત પ્રમાણે, "લગ્ન એ મહિલા અને પુરૂષને કૌટુંબિક જીવનમાં પ્રવેશ આપતી સંસ્થા છે."

આમ, લગ્ન દ્વારા બાળકોનું પ્રજનન થાય છે અને કુટુંબસંસ્થા દ્વારા બાળકોનો ઉછેર થાય છે. આ ઉછેરની ઢબ આપણા સમાજ તેમજ વૈશ્વિક સ્તરે લગભગ સમાન હોવાને કારણે જન્મથી જ છોકરા-છોકરીના ઉછેરમાં ભેદભાવ રાખવામાં આવે છે જેને પરિણામે છોકરીઓને છોકરાઓ કરતાં કમજોર તથા પાછળ ગણવામાં આવી છે. પરિણામે તે છોકરી જયારે મોટી થાય છે ત્યારે તેને ઘણી સામાજિક સમસ્યાઓનો સામનો કરવો પડે છે જેને પરિણામે સ્ત્રીઓ માટે અલગથી કાયદાઓ, કલમો

તથા બંધારણીય અનુસૂચિઓ ઘડવામાં આવી છે કે જેના મદદથી મહિલા પોતાના સાથે થતા ભેભાવો તથા અન્યાય કે હિંસા સામે રક્ષણાત્મક પગલાં લઇ શકે છે જેને 'મહિલા અધિકારો' તરીકે ઓળખવામાં આવે છે. આ મહિલા અધિકારોની જાણકારી હજુ સુધી વિસ્તૃત લોકોમાં ફેલાયેલી નથી જેને કારણે આપણે સ્ત્રીઓની વર્તમાન પરિસ્થિતિ જોઈ શકીએ છીએ કે તે પોતાના તરફ થઇ રહેલ અન્યાય તેમજ હિંસાને ચૂપચાપ સહન કરી રાખે છે. આ કારણે અહીં 'મહિલા અધિકારો', કલમો તથા બંધારણીય જોગવાઈઓ કે જે મહિલાઓને પોતાની સમસ્યામાંથી મુક્તિ આપે છે તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તથા વૈશ્વિક સ્તરે પણ યુ.એન.વુમેનનો અહેવાલ જોઈ શકાય છે કે, મહિલાઓ પ્રત્યે કેવી હિંસા લોકો દ્વારા આચરવામાં આવે છે. આ સંશોધન લેખ લાઈબ્રેરી માહિતી પધ્ધતિ તથા સરકારી વેબસાઈટ તથા અહેવાલો, લેખો, પ્રકાશનો વગેરે દ્વારા એકત્ર કરવામાં આવેલી છે જે મહિલા અધિકારોની વર્તમાન પરિસ્થિતિ આપણી સમક્ષ રજૂ કરે છે.

❖ **જેન્ડર (Gender) નો ખ્યાલ**

"Gender is a matter of culture; it refers to the social classification of men and women in to 'mescaline' and 'femine'. (Oakely, Ann-1985)

વિશેષમાં એમણે એવું પણ કહ્યું છે કે, "Gender has no biological origin, that the connections between sex and gender are really 'natural' at all."

"જેન્ડર એટલે પુરૂષત્વ અને સ્ત્રીત્વ." - ઉષા શર્મા (૨૦૦૨)

જેન્ડર વિશેનો વધુ અસરકારક ખ્યાલ Gaule Rabin આપ્યો. એન. ઓકલેએ જેન્ડરને જૈવકીય લિંગથી જુદી પાડી બતાવી. જ્યારે રૂબીને જેન્ડરને પુન: ઉત્પાદક જેન્ડર સાથે સંબંધિત કરેલ છે. તેમના મતે જેન્ડર એટલે "A socially imposed division of the sexes and is a product of the social relations of sexuality (Rabin : 1975 : 179)

શર્મિલા રંજનાના મતે સમાજશાસ્ત્રમાં ભૂમિકા સિદ્ધાંત અને કાર્યાત્મકવાદની અસર નીચે લૈંગિક ભૂમિકાઓના સંકુલ સાથે જોડાયેલા પ્રાપ્ત દરજ્જા તરીકે જેન્ડરની વિભાવના ઘડવામાં આવી હતી. જેન્ડર વિશેની સમજૂતી માટે બી સીવાલ (૨૦૦૯) જણાવે છે કે,

"Gender refers to the socially constructed roles and responsibilities refer to widely shared expectations and norms within a society about male and female behavior, characteristics and roles.

નારીવાદી વિદ્વાનો જેન્ડરના સામાજિક અર્થઘટન પર ભાર મૂકે છે. તેઓની દ્રષ્ટિએ Sex-લિંગ જૈવિક રીતે નક્કી થતી ઘટના છે અને જેન્ડર સામાજિક રીતે ઘડતર પામતી ઘટના છે, તેઓ જેન્ડરને સત્તા સંબંધોની અભિવ્યક્તિ તરીકે જુએ છે. (જે. કે. દવે : ૨૦૧૦-૧૧ : ૨૪૫)

❖ **ઘરેલું હિંસા (Domestic Violence) નો અર્થ તથા Domestic Violence Act-2005**

Violence - હિંસા, અત્યાચાર, ક્રૂરતા, ત્રાસ, સતામણી આ બધા શબ્દો એકબીજાના પર્યાય છે. ભિન્ન-ભિન્ન શાસ્ત્રોમાં આનો જુદો જુદો અર્થ થાય છે. ઘરેલું હિંસા એ પીડિતના ઘરેલું વર્તુળમાં કોઈએ કરેલી હિંસા છે. આમાં ભાગીદારો તાત્કાલિક પરિવારના સભ્યો, અન્ય સંબંધીઓ અને કૌટુંબિક મિત્રો સામેલ છે. ઘરેલું હિંસાનો ઉપયોગ જ્યારે ગુનેગાર અને પીડિતા વચ્ચે ગાઢ સંબંધ હોય ત્યારે થાય છે. સામાન્ય રીતે તેમની વચ્ચે શક્તિ અંતર હોય છે. પીડિતા ગુનેગાર પર આધારિત છે. ઘરેલું હિંસા શારીરિક, જાતીય અથવા માનસિક દુરૂપયોગનું સ્વરૂપ લઇ શકે છે. સ્ત્રી સાથે ત્રણ રીતે અત્યાચાર થતા હોય છે. (૧) ગુનાહિત હિંસા (૨) ઘરેલું હિંસા કે જેમાં દહેજ સંબંધી મૃત્યુ, પત્નીને મારવું લૈંગિક દુર્વ્યવહાર, વિધવા કે વૃદ્ધો સાથેનો વ્યવહાર વગેરેનો સમાવેશ થાય છે. (૩) સામાજિક હિંસા કે જેમાં વિવિધ કારણોસર સ્ત્રી પર સામાજિક દબાણ દ્વારા હાનિ પહોંચાડાય છે. કૌટુંબિક હિંસામાં સામાન્ય રીતે કુટુંબના સભ્યો વચ્ચે થતા હિંસાત્મક વ્યવહારને કૌટુંબિક હિંસા / અત્યાચાર કહેવાય.

આમ, ઉપરોક્ત ઘરેલું હિંસાને પરિણામે ૨૦૦૫માં મહિલા સુરક્ષા માટે કાયદો ઘડવામાં આવ્યો જે “Domestic Violence Act-2005” છે.

આ કાયદાનુસાર ઘરેલું હિંસા એટલે મહિલા ઉપર ઘરના સભ્યો તથા ઘરેલું સંબંધ ધરાવતી વ્યક્તિ દ્વારા કરવામાં આવતી શારીરિક, માનસિક, આર્થિક, શાબ્દિક અને ભાવનાત્મક હિંસા. આમાંથી એકપણ હિંસાનો ભોગ બનનાર મહિલાને શારીરિક તકલીફ પહોંચે અથવા મહિલાની ગરિમાનું અપમાન થાય તો આ પ્રકારની હિંસા કરનાર વ્યક્તિને ઘરેલું હિંસા અધિનિયમ અનુસાર સજા આપવામાં આવે છે. ઘરેલું હિંસામાં અપમાન, મશ્કરી, શરમજનક વર્તન, મહેણાં-ટોણાં મારવા, હાંસી ઉડાવવી, દહેજ અથવા અન્ય માંગ પૂર્ણ કરવા બદલ સતત દબાણ કરવું. બાળકની જાતિ જાણવા પરીક્ષણ કરાવવું અથવા બાળકોના ભરણપોષણ માટેનું વળતર, સ્ત્રીધન, વારસાગત

મિલકત તેમજ ભાડાની આવકમાં હિસ્સો ન આપવો વગેરેનો ઘરેલું હિંસામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

આમ, ઘરમાં મહિલાઓ સાતેહ થતી હિંસા અધિનિયમ-૨૦૦૫ ઘરેલું હિંસા સામે ફરિયાદ કરવા અને સુરક્ષા મેળવવા માટેનો કાયદો છે જેનું નામ "ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫" છે.

❖ **સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UN) વુમનનો અહેવાલ**

તાજેતરના વર્ષોમાં મહિલાઓ અને છોકરીઓ વિરુદ્ધ હિંસા અંગેના ડેટાની ઉપલબ્ધતામાં નોંધપાત્ર વધારો થયો છે, અને ઘનિષ્ઠ ભાગીદાર હિંસાના વ્યાપ વિશેનો ડેટા હવે ઓછામાં ઓછા ૧૦૬ દેશો માટે ઉપલબ્ધ છે.

વૈશ્વિક સ્તરે ૩૫ ટકા સ્ત્રીઓએ ક્યારેય શારીરિક અને જાતીય હિંસા અનુભવી છે. આ આંકડામાં જાતીય સતામણી સામેલ નથી. કેટલાક રાષ્ટ્રીય અધ્યયન દર્શાવે છે કે આ સંખ્યા સ્ત્રીઓમાં ૭૦ ટકા જેટલી હોઈ શકે છે તથા હતાશા દર ગર્ભપાત કરાવવાનું અને એચ.આઈ.વી. મેળવવાની સંભાવના એવી સ્ત્રીઓમાં વધારે છે જેમણે આ પ્રકારની હિંસા અનુભવી છે. કેટલાક દેશોમાં હેલ્પલાઈનના કોલ્સમાં કોવિડ-૧૯ ના કારણે પાંચ ગણો વધારો થયેલો જોવા મળે છે. પ્રતિબંધિત હિલચાલ, સામાજિક એકલતા અને આર્થિક અસલામતી એ વિશ્વભરના ઘરે હિંસા માટે મહિલાઓની નબળાઈમાં વધારો કરી રહી છે, સપ્ટેમ્બર ૨૦૨૦ સુધીમાં, ૪૮ દેશોએ કોવિડ-૧૯ પ્રતિસાદ યોજનામાં મહિલા અને છોકરીઓ વિરુદ્ધ થતી હિંસા પ્રત્યે એકીકૃત નિવારણ અને પ્રતિસાદ આપ્યો હતો, અને વૈશ્વિક કટોકટી દરમિયાન હિંસામાંથી બચેલા મહિલાઓની સેવાઓ મજબૂત કરવા માટે ૧૨૧ દેશોએ પગલાં લીધા હતા, પરંતુ વધુ પ્રયત્નો તાત્કાલિક જરૂરી છે. દરરોજ ૧૩૭ મહિલાઓ તેમના પરિવારના કોઈ સભ્ય દ્વારા હત્યા કરવામાં આવે છે, એવો અંદાજ છે કે, વૈશ્વિક સ્તરે ૨૦૧૭માં ઈરાદાપૂર્વક હત્યા કરાયેલ ૮૭,૦૦૦ મહિલાઓમાંથી અડધાથી વધુ (૫૦,૦૦૦) ઘનિષ્ઠ ભાગીદારો અથવા પરિવારના સભ્યો દ્વારા માર્યા ગયા હતા. સ્ત્રીઓ ઈરાદાપૂર્વક ૨૦૧૭માં ૩૦,૦૦૦ કરતાં વધુ તેમના હાલના કે ભૂતપૂર્વ ગાઢ ભાગીદાર દ્વારા હત્યા કરવામાં આવી. હિંસા અનુભવતા ૪૦ ટકાથી ઓછી મહિલાઓ કોઈપણ પ્રકારની મદદ લે છે. જેમાં મદદ માંગનારા લોકોમાંથી ૧૦ ટકાથી ઓછા લોકોએ પોલીસને અપીલ કરી હતી. ઓછામાં ઓછા ૧૫૫ દેશોએ

ઘરેલું હિંસા અંગેના કાયદા પસાર કર્યા છે અને ૧૪૦ કાર્યક્ષેત્રમાં જાતીય સતામણી અંગેના કાયદા ધરાવે છે. પુખ્તવયની મહિલાઓને વૈશ્વિક સ્તરે શોધી તમામ માનવ ટ્રાફિકનો ભોગ બનેલા લોકોમાં લગભગ ૪૯% હિસ્સો ધરાવે છે. ૨૦૧૯માં ૨૦-૨૪ વર્ષની વયની પાંચમાંની એક મહિલાએ ૧૮ વર્ષની વયે લગ્ન કર્યા હતા. પાછલા દાયકા દરમિયાન બાળલગ્નના વૈશ્વિક દરમાં ઘટાડો થયો છે. એમ છતાં આજે સાઉથ આફ્રિકામાં બાળલગ્નનું જોખમ સૌથી વધુ છે. બાળલગ્નનું પરિણામ હંમેશા ગર્ભાવસ્થા અને સામાજિક એકલતામાં પરિણમે છે. શાળામાં વિક્ષેપ પડે છે. ઓછામાં ઓછી ૨૦૦ મિલિયન મહિલાઓ અને છોકરીઓ ૧૫-૨૪ વર્ષની વયેની, ૩૧ દેશોમાં સ્ત્રી જનનાગોનાં વિકૃતીકરણ લગભગ સાર્વત્રિક છે જ્યાં ઓછામાં ઓછી ૯ છોકરીઓ અને સ્ત્રીઓ, ૧૫-૪૯ વર્ષની વયના છે. વિશ્વવ્યાપી (૧૫ મિલિયન કિશોરોએ ૧૫ થી ૧૯ વર્ષની વયની યુવતીઓને બળજબરીથી સેક્સનો અનુભવ કર્યો છે. મોટાભાગના દેશોમાં, કિશોરવયથી યુવતીઓને વર્તમાન અથવા પૂર્વ પતિ, જીવનસાથી અથવા પુરૂષ મિત્ર દ્વારા જાતીયસંભોગનો સૌથી વધુ દર હોય છે. શાળા સંબંધિત લિંગ આધારિત હિંસા સાર્વત્રિક અને છોકરીઓ માટેના શિક્ષણના અધિકારમાં એક મોટો અવરોધ છે. વૈશ્વિક સ્તરે ૧૧-૧૫ વર્ષની વયના ત્રણ વિદ્યાર્થીઓમાંના એક તેમના સાથીદારોએ પાછલા મહિનામાં ઓછામાં-ઓછા એક વખત શાળામાં તેમની સાથે દાદાગીરી કરી છે જેમાં છોકરીઓ તથા છોકરાઓ સમાન રીતે ગુંડાગીરી અનુભવે છે. યુરોપિયન યુનિયનના ૧૦માંથી એક મહિલાએ ૧૫ વર્ષની ઉંમરથી સાયબર-હેરેસમેન્ટ અનુભવી છે. આમાં અપમાનજનક લૈંગિક ઈ-મેઈલ્સ અથવા એસ.એમ.એસ. સંદેશાઓ તથા સામાજિક નેટવર્કિંગ સાઈટ્સ પર અયોગ્ય પ્રગતિઓ સામેલ હોવાનો સમાવેશ થાય છે. આ જોખમ ૧૮-૨૫ વર્ષની વયની યુવાન સ્ત્રીઓમાં સૌથી વધુ હોય છે.

મધ્ય પૂર્વ અને ઉત્તર આફ્રિકામાં ૪૦-૬૦ ટકા સ્ત્રીઓએ શેરી આધારિત જાતીય સતામણીનો અનુભવ કર્યો છે. પાંચ પ્રદેશોમાં પાર્લામેન્ટમાં મહિલા સંસદ સભ્યોએ તેમની શરતો પૂરી કરતી વખતે અમૂક પ્રકારની માનસિક હિંસા અનુભવી હોવાનો અહેવાલ આપ્યો છે. મહિલાઓએ સોશિયલ મીડિયાને આ પ્રકારની હિંસાની મુખ્ય ચેનલ તરીકે ટાંક્યા હતા અને લગભગ અડધા (૪૪%) લોકોએ તેમને અથવા તેમના પરિવારો પ્રત્યે મૃત્યુ, બળાત્કાર, હુમલો અથવા અપહરણની ધમકીઓ

પ્રાપ્ત કરી હોવાના અહેવાલો આપ્યા હતા. ૬૫% મુખ્યત્વે સંસદમાં પુરૂષ સાથીદારો દ્વારા લૈંગિકવાદી ટીકા કરવામાં આવી હતી.

❖ **ભારતમાં મહિલા અધિકાર**

સંયુક્ત રાષ્ટ્રએ ૧૦ ડીસેમ્બર ૧૯૪૮ ના રોજ માનવઅધિકારની સાર્વત્રિક ઘોષણાને અપનાવી હતી જે જાહેર કરે છે કે, બધા મનુષ્ય સ્વતંત્ર રીતે જન્મે છે અને સમાન માન-સન્માનનો અધિકાર ધરાવે છે. તે જ રીતે ભારતીય બંધારણ, કલમ-૧૪ માં સમાનતાનો અધિકાર, જીવનનો અધિકાર અને ઘણાં અધિકારોની બાંયધરી આપે છે. બંધારણની આર્ટીકલ ૨૧ હેઠળ વ્યક્તિગત સ્વતંત્રતા તેના તમામ નાગરિકોને લિંગને ધ્યાનમાં લીધા વિના, જાતિ સમાનતા એ એક સમાજ છે જેમાં મહિલા અને પુરૂષ બંને જીવનના વિવિધ ક્ષેત્રમાં સમાન તકો, અધિકાર અને જવાબદારીઓનો આનંદ માણે છે. નિર્ણય લેવામાં સમાનતા આર્થિક અને સામાજિક સ્વતંત્રતા, શિક્ષણની સમાન એક્સેસ અને કોઈની પસંદગીના વ્યવસાયનો અધિકાર, લિંગ સમાનતાને પ્રોત્સાહન આપવા માટે, આપણે મહિલા સશક્તિકરણની જરૂર છે, અને તે ક્ષેત્રમાં ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ જે તેના માટે સૌથી નિર્ણાયક છે, મહિલાઓના સશક્તિકરણ, આર્થિક, સામાજિક, રાજકીય કોઈપણ રાષ્ટ્રના વિકાસ માટે અને માનવાધિકારની સુરક્ષા અને સંવર્ધન માટે મહત્વપૂર્ણ છે.

ભારતમાં મહિલાઓને બંધારણીય અધિકાર ઉપલબ્ધ છે. કાયદા સમક્ષ સમાનતાનો મૂળભૂત અધિકાર તે છે, ભારતમાં કાયદાઓનું સમાન રક્ષણ - કલમ ૧૪

ધર્મ, જાતિ અથવા જન્મસ્થળના આધારે ભેદભાવ પર પ્રતિબંધ. કલમ-(૧૫-૩) રાજ્ય અને મહિલાઓ અને બાળકો માટે કોઈ વિશેષ જોગવાઈ કરવા રાજ્યને સશક્ત બનાવે છે. રાજ્યની હેઠળની કોઈપણ જાહેર રોજગાર અથવા તકની બાબતોમાં તકની સમાનતા અને જાતિના આધારે ભેદભાવ પર પ્રતિબંધ - કલમ-૧૬. ભાષણ અને અભિવ્યક્તિની સ્વતંત્રતા અને કોઈપણ વ્યવસાયની પ્રેક્ટીસ કરવાની અથવા કોઈપણ વ્યવસાય વેપાર અથવા વ્યવસાય કરવાની સ્વતંત્રતા - લેખ ૧૯. જીવન અને વ્યક્તિગત સ્વાતંત્ર્યનું રક્ષણ - આર્ટીકલ-૨૧. ગોપનીયતાનો અધિકાર - આર્ટીકલ-૨૧. સંપત્તિનો અધિકાર - કલમ (૩૦૦-એ). રાજકીય અધિકાર દાખલા તરીકે, પંચાયતોમાં મહિલા અનામત. બંધારની કલમ-૧૫, મહિલાઓ અને બાળકો માટે તેમના કલ્યાણ

માટે વિશેષ જોગવાઈઓ કરવાની મંજૂરી આપે છે. કાનૂની સેવાઓ સત્તાધિકાર અધિનિયમ હેઠળ મહિલાઓ અને બાળકો નિ:શૂલ્ક કાનૂની સહાય માટે હકદાર છે.

ભારતના બંધારણ હેઠળ, રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતો કાયદા બનાવતી વખતે આ સિદ્ધાંતોનો અમલ કરવા માટે રાજ્યની ફરજો ધરાવે છે. આ સિદ્ધાંત જણાવે છે કે, નાગરિકો પુરૂષો અને સ્ત્રીઓને પર્યાપ્ત સાધનનો સમાન અધિકાર છે તે સુરક્ષિત રાખવા રાજ્ય તેની નીતિઓને નિર્દેશિત કરશે. આજીવિકા કે પુરૂષ અને સ્ત્રી બંને માટે સમાન પગાર છે, બાળકો માટે મફત અને ફરજીયાત શિક્ષણ પ્રદાન કરે છે અને જાહેર આરોગ્ય સુધારવા માટેની ફરજ છે. મૂળભૂત અધિકારોના ઉલ્લંઘન હોવા છતાં, આ અધિકારોની અમલવારી છે એટલે કે, પીડિતા દ્વારા કાનૂની નિવારણની માંગ કરી શકાય છે. કાયદાની અદાલત, નિર્દેશક સિદ્ધાંતો ફક્ત માર્ગદર્શક પરિબળ હોય છે અને કાયદાની અદાલત સમક્ષ તેનું પાલન ન કરવામાં આવે તેવું યોગ્ય છે. સ્ત્રોત : (૨૦૨૧) www.womenlawsindia.com

## ❖ મહિલાઓના અનુસંધાનમાં બંધારણીય જોગવાઈઓ

ભારતનું બંધારણ સ્ત્રીઓને ફક્ત સમાનતા જ આપતું નથી; પરંતુ મહિલાઓની તરફેણમાં તે રાજ્યને સમર્થ બનાવે છે, જેથી, તે મહિલાઓને સામાજિક, આર્થિક, શિક્ષણ અને રાજકીય ક્ષેત્રમાં થતાં ગેરલાભો માટે સકારાત્મક અલગ પગલાં અપનાવે, મૂળભૂત અધિકારો, બીજાઓ વચ્ચે કાનૂન આગળ સમાનતા, કાયદાનું સમાન રક્ષણ, કોઈપણ નાગરિક સામે ધર્મ, જાતી, જ્ઞાતિ અથવા જન્મસ્થળ પર ભેદભાવ પર પ્રતિબંધ મૂકે છે, અને રોજગાર સંબંધી બાબતોમાં તમામ નાગરીકો માટે તકની સમાન બાંહેધરી આપી છે.

બંધારણની કલમો - ૧૪, ૧૫, ૧૫(૩), ૧૬, ૩૯(એ), ૩૯(બી), ૩૯(સી) અને ૪૨ આ અંગે ચોક્કસ મહત્વ આપવામાં આવ્યું છે. સ્ત્રીઓ માટે કાયદા સમક્ષ સમાનતા (કલમ-૧૪) રાજ્ય કોઈ નાગરિક વિરુધ્ધ ફક્ત ધર્મ, જાતી, જન્મ અથવા જન્મસ્થળના આધારે ભેદભાવ ન રાખે. (કલમ-૧૫-૧) રાજ્ય સરકારે મહિલાઓ અને બાળકોની તરફેણમાં કોઈ ખાસ જોગવાઈઓ કરવી (કલમ-૧૫-૩) તમામ નાગરિકો માટે સમાન તક રોજગારી અથવા રાજ્ય સરકાર હેઠળની કોઈ ઓફિસમાં

નિમણૂંકની બાબતમાં (કલમ-૧૬) સ્ત્રી-પુરૂષ બંન્નેને સમાન ધોરણે આજીવિકાના પૂરતા સાધનો / સહાય મળે (કલમ-૩૯-એ) અને "સમાન કામ સમાન વેતન" (કલમ-૩૯ડી) મુજબની યોગ્ય સમાનતાના અધિકારનું રક્ષણ કરતી નીતિરાજ્ય સરકારે ઘડવી, ન્યાય માટે સમાન તકના ધોરણે અને સુયોગ્ય મફત કાનૂની સહાય અથવા યોજના કે અન્ય કોઈ રીતે તકો મારફતે ન્યાયની ચોક્કસ ખાતરી આપવી. જેથી, આર્થિક કે બીજી ક્ષમતાઓને કારણે તેઓ ન્યાયવંચિત ના રહે. (કલમ-૩૯એ) રાજય સરકારે કામની પરિસ્થિતિ અને માતૃત્વ રાહત માટે ન્યાયી તથા માનનીય જોગવાઈઓ કરવી (કલમ-૪૨) રાજ્ય સરકારે નબળાં વર્ગનાં લોકોના શૈક્ષણિક અને આર્થિક હિતો ખાસ કાળજીથી પ્રોત્સાહિત કરવા તેમજ તેમને સામાજિક અન્યાયના તમામ પ્રકારના સ્વરૂપોને શોષણ સામે રક્ષણ આપવું (કલમ-૪૬) રાજ્ય સરકારે તેના લોકોના પોષણ અને જીવનધોરણના સ્તરને ઊંચું લાવવા માટે અને લોકસ્વાસ્થ્યમાં સુધારો લાવવો (કલમ-૪૭) ભારતના તમામ લોકોમાં સંવાદિતા અને સામાન્ય ભાઈચારાની ભાવનાને પ્રોત્સાહન પુરૂ પાડવું અને મહિલાઓના ગૌરવ માટે અપમાનજનક વ્યવહારો ત્યાગ કરવા. (કલમ-૫૧-એઈ) કુલ બેઠકોની ૧/૩ થી ઓછી નહિ, (અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિની મહિલા, અનામત બેઠકોની સંખ્યા સહિત) એટલી મહિલા અનામત બેઠકો દરેક પંચાયતમાં સીધી ચૂંટણીથી ભરવી અને આ બેઠકો પંચાયતના મતદાર વિભાગો મુજબ રોટેશનથી ફાળવવી. (કલમ-૨૪૩-ડી-૩) દરેક સ્તરે પંચાયતોમાં આવેલી કુલ અધ્યક્ષ ઓફિસો પૈકી મહિલાઓ માટે અનામત સંખ્યા ૧/૩ થી ઓછી ના હોવી જોઈએ. (અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, મહિલા અનામત બેઠકોની સંખ્યા સહિત) અને આ બેઠકો નગરપાલિકાના વિવિધ મતદાર વિભાગોમાં રોટેશનથી ફાળવવી. (કલમ-૨૪૩-ટી-૩) નગરપાલિકાઓમાં અધ્યક્ષની કચેરીઓ પૈકી અનુસૂચિત જાતિ માટે અનુસૂચિત જનજાતિ માટે અનામત રાજ્ય વિધાનસભા કાયદા દવારા પ્રદાન કરે તે મુજબ આપી શકે છે (કલમ-૨૪૩-ટી-૪)

સ્રોત : અધિક પોલીસ મહાનિર્દેશક, માનવ અધિકાર, ગુજરાત પોલીસ પ્રકાશન વર્ષ :

આ ઉપરાંત સંવિધાનનું આમુખ દરજ્જા અને તકની સમાનતાની વાત કરે છે. મૂળભૂત હક કલમ ૧૪, ૧૫ અને સમાનતાનો સામાન્ય સિદ્ધાંત સમાવિષ્ટ છે. રાષ્ટ્ર પોતાની નીતિ એવી દિશામાં ઘડશે, જ્યાં તેના નાગરિકને સ્ત્રીઓ અને પુરૂષોને એકસરખા કામ માટે સરખું વેતન મળશે. (કલમ-

૩૯-ઘ) તથા એકસરખી રીતે જીવનનિર્વાહ માટે પૂરતા સાધનો ઉપલબ્ધ થશે. (કલમ-૨૯-૩) અને સ્ત્રીઓ તથા પુરૂષો કારીગરોના આરોગ્ય અને શક્તિનો દુરુપયોગ કરવામાં નહિ આવે (કલમ-૩૯-ક). ઉપરાંત રાષ્ટ્ર કાર્ય માટે તેમજ માતૃત્વ રાહત માટે વાજબી અને માનવતાપૂર્ણ પરિસ્થિતિ સુનિશ્ચિત કરવા માટે પણ કાર્ય કરવાનું છે. (કલમ-૪૨) ઓગણીશમી સદીના અંત ભાગમાં, લગ્ન માટે ઓછામાં ઓછી વય નિર્ધારિત કરતો કાયદો ઘડવામાં આવ્યો. લગ્ન માટે છોકરીની લઘુત્તમ વાય વધારીને ૧૨ વ્યક્ત કરવામાં આવ્યો. બાળલગ્ન પ્રતિબંધિત અધિનિયમ ૧૯૨૯ માં પસાર થયો અને ૧૯૪૯ માં તેમાં સુધારો થયેલ તથા (કમીશન ઓફ સતી પ્રિવેન્શન એક્ટ) ૧૯૮૭ માં પસાર થયો. ૧૮૫૬ માં વિધવા પુનઃલગ્ન કાયદો પસાર થયો તે દવારા હિંદુ વિધવાને પુનઃલગ્ન કરવાનો અધિકાર પ્રાપ્ત થયો તથા ૧૯૬૨માં દહેજ વિરોધી કાયદો ઘડાયો જેને ૧૯૮૪ સુધારી લેવામાં આવ્યો.

આ ઉપરાંત સંસ્થાનવાદી વહીવટ દરમિયાન જ સતીના રિવાજની નાબૂદીનો અધિનિયમ (૧૮૨૯), વિધવા પુનર્લગ્ન અધિનિયમ (૧૮૫૬), સિવિલ મેરેજ એક્ટ (૧૮૭૨) વગેરે પસાર કરવામાં આવ્યા. હિંદુ લગ્ન અધિનિયમ, ૧૯૫૫ જેઓ ભારતના વાતની છે અથવા બહારના વિસ્તારમાં રહેતા હોય તેવા પરંતુ ભારતના વાતની છે તેવા તમામ હિન્દુઓને લાગુ પડે છે. તેવી જ રીતે (હિંદુ દત્તક અને ભરણ-પોષણ અંગેનો અધિનિયમ ૧૯૬૫) હિંદુ પત્નીને તેના પતિ દવારા ભરણ-પોષણનો અધિકાર છે. આ ઉપરાંત બાળકોનો સબ્જો તથા મહિલાઓનો મિલકત પર પણ અધિકાર છે જેનું નામ 'હિંદુ વારસો અધિનિયમ, ૧૯૫૬ છે એવી જ રીતે મુસ્લિમ લગ્નધારો અધિનિયમ, ૧૯૩૯ છે જેને અંતર્ગત મુસ્લિમ સ્ત્રી-પુરૂષ લગ્ન કરી શકે છે. મુસ્લિમ મહિલા, ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૨૫ નીચે ઇદ્દસના પછી પણ કોર્ટમાં અરજી કરીને ભરણપોષણ મેળવી શકે છે. આ ઉપરાંત તમામ ભારતીય ખ્રિસ્તી લગ્ન અધિનિયમ, ૧૯૭૨ લાગુ પડે છે. તેઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૨૫ અંતર્ગત ભરણ-પોષણ મેળવી શકે છે તથા ખ્રિસ્તી મહિલાઓને ભારતીય વારસા અધિનિયમ, ૧૯૨૫ અંતર્ગત મિલકતમાં અધિકાર મળવા પાત્ર છે. આ ઉપરાંત 'સ્પેશ્યલ મેરેજ એક્ટ, ૧૯૫૨' ની જોગવાઈ અંતર્ગત લગ્નની મંજૂરી તથા કાનૂની માન્યતા પણ આપવામાં આવી છે.

❖ **ઘરેલું હિંસા સામે મહિલાઓને કાનૂની જોગવાઈઓ અને સલામતી**

ભારતીય બંધારણમાં સ્ત્રીઓને અત્યાચાર કે રક્ષણ મેળવવા માટે કેટલીક કાનૂની જોગવાઈઓ તથા કલમો કે અધિકારોની જોગવાઈઓ કરેલી જોવા મળે છે જેમાં, મહિલાઓને રક્ષણ આપવા માટે આ જોગવાઈઓ કે અધિકારોનો ઉપયોગ કરે છે. ગુનેગારોને યોગ્ય સજા કે દંડ આપવામાં આવે છે જેમાં મહિલાઓ માટે અમૂક મહત્વના અત્યાચારો સામે કડક કાર્યવાહીઓની જોગવાઈ કરેલી છે જેમાં કાકમાં કડક સજા આરોપીને આપવામાં આવે છે જેમાંથી કેટલીક સજાઓ કલમ સાથે નીચે આપવામાં આવેલ છે.

- બળાત્કાર (કલમ-3૭૬-IPC)
- અપહરણ અને મહિલાઓ અને છોકરીઓને જુદા-જુદા વાતો માટે અપહરણ (Sec-363-373)
- દહેજ મૃત્યુ માટે ખૂન અથવા આવા ગુના કરવાના પ્રયાસ (Sec-302/304-B IPC)
- માનસિક અને શારીરિક બંને ત્રાસ (Sec-498-A IPC)
- છેડતી (Sec-354 IPC)
- જાતીય સતામણી (Sec-509 IPC)
- છોકરીઓ આયાત (up to 21 years age, Sec-366-B IPC)
- સતી પ્રથા નિવારણ કાયદો, ૧૯૮૭
- અનૈતિક ટ્રાફિકિંગ નિવારણ કાયદો, ૧૯૫૬
- સ્ત્રીઓનું અભદ્ર પ્રતિનિધિત્વ પ્રતિબંધ કાયદો ૧૯૮૬
- દહેજ પ્રતિબંધ કાયદો-૧૯૬૧
- ઘરેલું હિંસા કાયદો-૨૦૦૫
- ભારતીય દંડ સંહિતા
- ભારતીય પુરાવા અધિનિયમ-૧૯૮૬

❖ **સૂચનો**

- મહિલા કાયદો, અધિકારો, કલમો. બંધારણ વગેરેની માહિતી વધુમાં વધુ મહિલાઓ સુધી ફેલાવવી જોઈએ.
- મહિલાઓએ પોતાની સાથે થતાં અણબનાવો, હિંસા તથા અપકૃત્યો વિષે જરૂરથી અવાજ ઉઠાવવો જોઈએ.
- મહિલા અધિકારો તેમજ કાયદાઓ સખત, કડક અમલી બનાવવા જોઈએ.
- પુરૂષોએ વ્યાસન મુક્ત બનવું જોઈએ. નશાના બંધાણી હોય તેઓએ નશામુક્ત થવું જોઈએ.
- ગલી-ગલી, શહેરો કે રાજ્યોમાં મહિલા જાગૃતિના કાર્યક્રમો યોજી મહિલાઓને જાગૃત બનાવવી જોઈએ.
- મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ વધારીને પોતાના પગભર થવું જોઈએ. જેથી તેણે કોઈના પર આધારિત ન રહેતા તે સ્વાવલંબી બની રહે.
- વધુમાં વધુ મહિલાસુરક્ષાલક્ષી કેન્દ્રો તથા સેવાઓ કે હેલ્પલાઈનો શરૂ કરી વધુમાં વધુ પીડિત સ્ત્રીઓને ન્યાય અપાવવો જોઈએ.
- કૌટુંબિક સમાજીકરણમાં કાનૂની જોગવાઈઓનું જ્ઞાન મળે તેવી વ્યવસ્થા ઉભી કરવી જોઈએ.
- પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચશિક્ષણ સુધીમાં રોજબરોજની સમસ્યામાંથી ઉતરવા કેવા પગલાં લેવા જોઈએ? તેવું અભ્યાસક્રમમાં સમાવવું જરૂરી છે.

❖ **ઉપસંહાર**

આ સંશોધન લેખ જેન્ડર આધારિત લેખ છે. જેમાં મહિલા સંશોધનનું કેન્દ્રબિંદુ છે. અત્રે મહિલાઓની સુરક્ષા માટે સરકારી કાયદા, કલમો કે બંધારણીય જોગવાઈઓ કે જે મહિલાઓને હિંસા કે અન્યાય સામે રક્ષણ આપે છે તેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ સંશોધન લેખ દ્વારા આપણને મહિલા માટેના અધિકારો જાણવા મળશે તથા બંધારણમાં મહિલાઓ માટે જોગવાઈઓ કરવામાં આવી છે તે જાણવા મળશે. આ ઉપરાંત વૈશ્વિક સ્તરે તથા દેશમાં આટલા મહિલા કાનૂની કાયદાઓ

હોવા છતાં યુ.એન. ના અહેવાલ દ્વારા આપણે મહિલાઓની વર્તમાન પરિસ્થિતિ જોઈ શકીએ છીએ. આમ, આપણે આ સંશોધન લેખ દ્વારા મહિલા અધિકારોની વર્તમાન પરિસ્થિતિ તથા મહિલાઓની પરિસ્થિતિ જોઈ શકીએ છીએ તથા સરકારી અહેવાલો, વેબસાઈટો કે જે-તે પ્રકાશન મહિલાઓના અધિકારો માટે શું કાર્ય કરે છે તે જાણી શકાય છે. આ સંશોધન લેખમાં જેન્ડરનો ખ્યાલ તથા મહિલાઓને હિંસા સામે રક્ષણાત્મક પગલાં ભરવા માટે PWDVA-2005 Act ઘડાયો છે તેની પણ માહિતી મેળવી શકાય છે તથા આ કાયદાઓ દ્વારા મહિલાઓને કેવી સુરક્ષા મેળવી શકાય છે તે જાણી શકાય છે.

## ❖ સંદર્ભ સૂચી


- જેન્ડર અને સમાજ, ડૉ. ચંદ્રિકા રાવલ (૨૦૧૩), પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ-૩૮૦૦૦૧
- સર્ટીફીકેટ ઇન હ્યુમન રાઈટ્સ - માનવ હક અને સમાજ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, શ. ગઠીયા બી. કિરનમયી, સુદર્શન ગ્રાફિક્સ
- સર્ટીફીકેટ ઇન હ્યુમન રાઈટ્સ - રોજીંદી જીંદગીમાં માનવ હક આપણે શું કરી શકીએ? (કાર્યપોથી) ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, પ્રો. પાંડવ નાયકા, સુદર્શન ગ્રાફિક્સ
- विवेचनात्मक अपराधशास्त्र - राम आहूजा, मुकेश आहूजा - रावत पब्लिकेशन - जयपुर (एवं नई दिल्ली)
- The protection of women from domestic violence act, 2005 act no.43 of 2005 (13th September, 2005)
- The national commission for women.
- Human Rights and the United Nations, The Rights of Women : Their Status in International Law – Betty Q. Elder
- UN Women and UNDP (2020) Covid-19 Global Gender Response Tracker.
- United Nations Office on drugs and Crime (2019) Global Study on Homicide 2019, Pg.10
- United Nations Economic and Social Affairs (2015). The world's women 2015 Trends and Statistics, Pg.159
- UNODC (2018) Global Report on Trafficking in Persons 2018, Pg.25,28
- World Bank Group (2020) Women Business and Law 2020
- https://nhrc.nic.in

- https://gujarathighcourt.nic.in/95/sapublication
- https://ijrcenter.org
- www.womenlawsindia.com (2012)
- www.ohchr.org
- www.centerforsocialjustice.net
- www.unwomen.org
- www.female-rights.com
- Violence against working women: a conceptual framework – by: Gunjan Mishra asst. Professor department of sociology govt. Arts college, Amirgadh, Gujarat



હિરલ એ. કાપડિયા

પીએચ.ડી. વિદ્યાર્થિની,

સ્કૂલ ઑફ હ્યુમિનિટિસ એન્ડ સોશિઅલ સાયન્સીસ ડિપાર્ટમેન્ટ (સમાજશાસ્ત્ર)

ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, છારોડી, અમદાવાદ

**E-mail: heerkapadia24.hk@gmail.com**